યોર્કશાયર એમ્બ્યુલન્સ સેવા
હૃદયને ફરીથી શરૂ કરવાને સપોર્ટ કરે છે

NHS
યોર્કશાયર
એમ્બ્યુલન્સ સેવા
NHS ટ્રસ્ટ

# ડિફિબ્રિલેટરનો ઉપયોગ કેવી રીતે કરવો

ડિફિબ્રિલેટર્સ હૃદયના ધબકારાને ફરીથી સામાન્ય કરવા માટે હૃદયના હુમલાનો ભોગ બનેલા વ્યક્તિના હૃદયને ઉચ્ચ ઊર્જાવાળો ઇલેક્ટ્રિક શોક આપે છે. CPR અને ડિફિબ્રિલેટર્સ બંને સાથે મળીને દર્દીને બચવાની સૌથી સારી તક આપે છે. જો કોઈ વ્યક્તિને CPR શરૂ થાય, ત્યારે બીજી વ્યક્તિ 999 પર કોલ કરીને ડિફિબ્રિલેટર મેળવે તો તે શ્રેષ્ઠ છે.

## 1 ડિફિબ્રિલેટર મેળવવા માટે કોઈને મોકલો

તમે જ્યાં છો ત્યાંથી જ ડિફિબ્રિલેટર મળી શકે છે, અથવા એમ્બ્યુલન્સ સેવા તમને જણાવશે કે નજીકમાં કોઈ ડિફિબ્રિલેટર છે કે નહીં.

AED

## 2 CPR ચાલુ રાખો

ડિફિબ્રિલેટર તૈયાર થાય તે દરમિયાન કોઈ હાથ વડે જ CPR ચાલુ રાખે તો વધુ સારું રહેશે.

## 3 ડિફિબ્રિલેટર ચાલુ કરો

ડિફિબ્રિલેટર્સનો ઉપયોગ કરવો સરળ છે, તેથી 'ઓન' બટન સહેલાઈથી મળી જશે. તમે તેમને ખોલશો ત્યાં બીજું કોઈ તેને ચાલુ કરશે.

## 4 છાતી સાથે પેડ્સ જોડો

દર્દીની છાતી ખુલ્લી રાખીને પેડ્સ જોડવાના રહેશે. પેડ્સ ક્યાં લગાવવા તેની સૂચનાઓ પેડ્સ પર આપેલી હશે. એક દર્દીની છાતીની ઉપર જમણી બાજુ અને બીજુ ડાબી બાજુ લગાવવાનું રહેશે.

## 5 સૂચનાઓને અનુસરો

ડિફિબ્રિલેટર દર બે મિનિટે દર્દીના હૃદયના ધબકારા તપાસશે જેથી નક્કી કરી શકાય કે તેને શોક આપવાની જરૂર છે કે નહીં. જો શોક આપવાની જરૂર હશે, તો તમને 'શોક' બટન દબાવવાની સૂચના આપવામાં આવશે પરંતુ ખાતરી કરો કે જ્યારે તમે આવું કરો છો ત્યારે દર્દીને કોઈ સ્પર્શ કરતું નથી.

## 6 CPR ચાલુ રાખો

જેવો તમે દર્દીને શોક આપો કે તરત જ, CPR કરવાનું ચાલુ રાખો. જો ડિફિબ્રિલેટર શોક આપવાની ભલામણ ન કરે, તો જ્યાં સુધી ડિફિબ્રિલેટર ફરીથી હૃદયના ધબકારા તપાસવા માટે તૈયાર ન થાય ત્યાં સુધી CPR ચાલુ રાખો.

## 7 ચાલુ રાખો

જ્યાં સુધી કોઈ ડોક્ટરની મદદ ન મળે અથવા વ્યક્તિ ભાનમાં આવવાનું શરૂ ન કરે ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રાખો.

આના દ્વારા સપોર્ટ મળેલ: યોર્કશાયર એમ્બ્યુલન્સ સેવા ચેરિટી | નોંધાયેલ ચેરિટી નંબર: 1114106